# સિટી એક્ટિવિટી

2. અમદાવાદ, બુધવાર, 4 જાન્યુઆરી 2012




**થેન્ક્સ :** સાલ હોસ્પિટલમાં સ્વસ્થ વિનોદ સાથે આર.જે. અંકિત, કૃપા, વિશાલ, આયુષ અને ડો. દિલીપ જૈન.

# આભાર અમદાવાદ દિલ સે...

**સિટી રિપોર્ટર . અમદાવાદ**

૧૬ વર્ષનો વિનોદ શર્મા હવે સામાન્ય યુવકની જેમ દોડી શકશે અને પોતાનું સપનું સાકાર કરી શકશે. દિલના સફળ ઓપરેશન પછી વિનોદની તબિયત એકદમ સ્વસ્થ છે અને આ બધું શક્ય બન્યું એક એક અમદાવાદીઓના સહકારથી.

૯૪.૩ માય એફએમનું એક રૂપિયા અભિયાન રંગ લાવ્યું, આનો શ્રેય દરેક દિલથી જીવતા અમદાવાદીઓને ફાળે જાય છે કે જેમણે વિનોદ શર્માનું ઓપરેશન સફળ બનાવવા દિલ ખોલીને યોગદાન આપ્યું. એના પરિણામે વિનોદ આજે આઈ.સી.સી.યુ.ની બહાર છે. તે હવે હલન-ચલન કરી શકે છે. માય એફએમના આર.જે. વિશાલ, આંકિત, આયુષ અને કૃપાએ વિનોદની સાલ હોસ્પિટલમાં જઈને રૂબરૂ મુલાકાત લીધી અને વિનોદને ફૂલ, ફળ આપી આખા અમદાવાદ વતી એના ખબર- અંતર પૂછ્યા. એનું સપનું ડોકટર બનવાનું છે. જે હવે સાકાર થશે. વિનોદને ચેસ પ્રત્યે ખૂબ જ લગાવ છે. જો મોકો મળશે તો એ ચેસ ચેમ્પિયન બનવાની ઈચ્છા વ્યક્ત કરતાં ભાવુક થઈ ગયો હતો. ડોકટરના કહ્યા પ્રમાણે તે એક સાધારણ છોકરાની જેમ જીવન જીવી શકશે, એક રૂપિયા અભિયાનને અમદાવાદીઓએ દિલથી વધાવી લીધો. આ અતુલ્ય અને અમૂલ્ય યોગદાન બદલ ૯૪.૩ માય એફએમ દિલથી અમદાવાદીઓ અને સાલ હોસ્પિટલના ડોકટર દિલીપ અને અનિલ જૈનનો આભાર વ્યક્ત કરે છે. અને તમામ વાચકમિત્રોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે.